જીવન દર્શન
- ઝુલ્ફીકાર તુંવર

જીવતા જીવનની સચ્ચાઈનો નરવો રણકો : દિલીપ રાણપુરા



બરાબર આઠ વર્ષ પહેલાં ૧૬મી જુલાઈએ ગુજરાતે ધરતીમાંથી ઉગેલા એ સર્જકને ગુમાવી દીધાં હતા

મેં મૃત્યુને પ્રાર્થના કરી છે.

મને હાથ પકડીને કોઈ બાથરૂમ સુધી લઈ જાય તે પહેલાં તું મારું બાવડું પકડીને મને તારી પાસે ખેંચી લે જે. પુત્ર - પૌત્રી - પુત્રવધૂ, એ બધાં તો આ ભવની ઓળખ ધરાવનારા છે. શરીર છૂટતાંની સાથે બધાં છૂટી જવાનાં તેમના માટે મેં શું કર્યું અને શું ન કર્યું તે યાદ કરશે. ૨૫ વર્ષ એકલતામાં કેમ ગાળ્યા તેનો તેમને અણસાર પણ નહી આવે અને શા માટે આવવો જોઈએ ? હું ક્યાં તેમનો કે તેઓ ક્યાં મારાં ભવોભવના સાથી હતા ? માટે હે પ્રભુ, તારી સાથે તો મારે ભવભવની ઓળખ છે. તું મને કોઈના આધારે મારે એક પળ પણ જીવવું પડે તે પહેલાં તારી પાસે બોલાવી લે જે....

તેમને કોઈ "ગુજરાતના ગોર્કી" કે કોઈ "કાઠિયાવાડના ગોર્કી" કહેતું, ક્યારેક તેમની ગણના "ગુજરાતના પ્રેમચંદ" તરીકે પણ થતી. તેમને વાંચતા એવું લાગે કે જાણે શહાદત હુસેન મન્ટો એ ગુજરાતી રૂપ ધારણ કર્યું હોય સરખામણી ગમે તે હોય પણ એ વાત સાવ સાચી કે મેઘાણી અને પન્નાલાલ પછી એક એવા લેખક આવ્યા હતા જેમણે ધરતીનું ધાવણ પીને અમૃતમયી રચનાઓ આપી. હા, જીવાતા જીવનની સચ્ચાઈનો નરવો રણકો હતા દિલીપ રાણપુરા. ખાદ્ય સામગ્રીની ફેરી કરનાર, કાગળના ખોખાં બનાવનારી કંપનીના ઓર્ડરમેન, અઢી દિસના પોલીસમેન, માઈલ સ્ટોન રંગનાર, કાલા-કપાસના તોલાર, કટલીરીની દુકાનમાં વાણોત્તર. આટલું કર્યા બાદ બન્યા શિક્ષક અને જે જોયું, જે જાણ્યું તેને અનુભવના ભાથે કાગળ ઉપર ઉતાર્યું. દિલીપ રાણપુરા, લોકધર્મી સાહિત્યકાર દિલીપ રાણપુરા.

૧૬મી જુલાઈ, ૨૦૦૩ના દિવસે, ગુજરાતે ધરતીમાંથી ઉગેલા એક સર્જકને ગુમાવી દીધા હતા. તેમના અવસાનને આજે આઠ વર્ષ વિતી ગયા પરંતુ તેમની કલમનો સ્પર્શ પામેલા પાત્રો એ પછી જયંત હોય કે દેવો, હજુ વાચકોના માનસ પર છવાઈને બેઠા છે. ૪૦થી વધુ નવલકથાઓ, પાંચ વાર્તાસંગ્રહો, સાત સંસ્મરણ કથાસંગ્રહો, ચાર રેખાચિત્ર સંગ્રહો વગેરે મળીને ૯૦ જેટલાં પુસ્તકો દિલીપ રાણપુરાના નામે બોલે છે. એમના સાહિત્યનું એક લક્ષણ ભાષાની સાદગી હતી. તેઓ આમ આદમીની ભાષામાં લખતા. એમના પાત્રો પણ આમ જનતાના સદસ્યો હતા.

૧૪ નવેમ્બર ૧૯૩૧, ધંધુકામાં જન્મ અને નામ રખાયું ધરમશી. પરંતુ એમના મોટા બહેન રૂક્ષ્મણીએ નામ આપ્યું. "દિલીપ". જીવનની શરૂઆતમાં સંઘર્ષ કઠોર પરિશ્રમ જેણે શ્રમજીવી તરીકે જીવનના વિવિધ રંગ દીઠા હોય તે શ્રમજીવીઓ પ્રત્યે સદ્ભાવ ધરાવતો જ હોય. એક વેળા તો ધર્મદીક્ષા લઈને જૈન સાધુ બની જવાની તાલીમ પણ શરૂ કરેલી. પણ તેમના સંસારમાં તો સવિતાબેન અને બે રૂડાં સંતાનોનો યોગ હતો. સવિતાબેનના અવસાન બાદ એકલતા સાથે સંઘર્ષ કરવો પડ્યો. અંગત જીવનની જેમ વ્યવસાય જીવન પણ સંઘર્ષથી ભરેલું.

દિલીપ રાણપુરાની નવલકથાઓમાં "સુકી ધરતી શૂકા હોઠ", "ભીંસ, ચીરહરણ સભા", "ફુલનું બીજું નામ કૂપળ ફૂટ્યાની વેળા", "આંસુભીનો ઉજાસ", "આ કાંઠે તરસ", "ઉંડા ચીલા", "ગ્રાન્ડ રિહર્સલ", "મીરાંની રહી મહેક", વિષેશ નોંધપાત્ર છે. આમ તો એમનો લખાયેલો દરેક શબ્દ વાંચવા જેવો છે. એ પછી નવલિકાઓ હોય. શબ્દચિત્રો હોય કે અહેવાલ લેખ. રાણપુરાની છાપ સ્પષ્ટ નજરે પડે. તેમના તમામ સર્જનો એમના રઝળપાટમાંથી મળેલાં મોતી જેવાં છે.

"આંસુ ભીનો ઉજાસ"માં એક કળશિયાભર પાણી માટે લોકો કેવા તલશે છે. એક દીકરી ત્રણેક વરસની થઈ છતાં એણે કદી મેઘ (વરસાદ) જોયો નથી. અને હવે મરણ આરે છે. ત્યારે કળશિયામાંથી ખોબામાં પાણી લઈને એના પર છાંટતી અને જો મેઘ આવો હોય ! એમ બોલતી માતાની વેદના રૂંવાડા ખડાં કરી દે છે. એમની કથાઓમાં શિક્ષક ક્યારેક સમાજને બદલી સાચે રસ્તે વાળે છે તો ક્યારેક એ પોતે જ આદર્શને અભરાઈએ ચઢાવી છીછોરા સમાજનો એક ભાગ બની જાય છે.

"મીરાની રહી મહેક"માં સવિતાબેનના જીવલેણ રોગ સામે દંપતિએ કરેલા સંઘર્ષની કથા છે. ખરેખર દિલીપ રાણપુરા એ લોકધર્મી સાહિત્યકાર હતા. તેઓ કાયમ માટે માત્રને માત્ર વાચકોના લેખક રહ્યા. દિલીપ રાણપુરાના અંગત સાથી હસુ રાવળ એક જગ્યાએ નોંધે છે કે "શિક્ષણજગતની અને શિક્ષકોના પ્રશ્નોને વાચા આપતી ઘણી નવલકથાઓ અને વાર્તાઓ તેમણે લખી. એ સંઘર્ષમાંથી જ સુરેન્દ્રનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘની સ્થાપના થઈ. એ વખતે ઘણાં મિત્રો એને કહેતા" દિલીપ, આ સંઘ કાશીએ નહીં પહોંચે. ત્યારે તેનો જવાબ હતો, કાશીએ તો ઠાઠડીઓ પહોંચે! મારે એને કાશીએ નહીં પણ શિક્ષણ સમિતિની ઓફિસે પહોંચાડવો છે.

શિક્ષણ પહેલું કે પાણી પહેલું?

અને એટલે જ એક બીજો સવાલ પણ

પૂછવાનું મન થાય છે કે,

જીવન પહેલું કે કલા પહેલી?

દિલીપ રાણપુરાની વિવિધ કૃતિઓ વારંવાર રેડિયો અને ટી.વી. નાટ્યાંતર પામી છે. "આંસુ ભીનો ઉજાસ" ઈસરોની શ્રેણી બની. "આ કાંઠે તરસ" પરથી હિન્દીમાં "સ્વાતિ" નામે ધારાવાહિક બની. "છબિ"માંથી ઉંમર વગરની સ્ત્રીનું રેડિયો નાટ્યાંતર થયું પુરસ્કારોનો તો તેમના નામે જાણે ધોધ જ વરસતો હતો. એમની નવલકથા "આંસુ ભીનો ઉજાસ" માંથી લીધેલો આ ટુકડો થીજવી દે છે.

આવા વિચારો સાથે ચાલતાં ચાલતાં સાંજ પડવા આવી ને તે કહવાળીના પાદરમાં આવી પહોંચ્યો. રસ્તાના કાંઠે જ એક ઘર તેણે બહારથી બૂમ મારી :

"કોઈ છે ?"

"ના"... ઓરડામાંથી એક સ્ત્રીનો અવાજ આવ્યો.

"જરા બહાર આવશો, બહેન?"

"ના"

"ડરશો નહી, બહેન... હું દેવરાજ છું, દેવો માસ્તર...!"

"પણ હું બારી કઈ રીતે આવું?"

"ચાલી નથી શકતા ? બીમાર છો ?"

"માંદી ય નથી ને હાલી પણ શકું છું"

"તો વાંધો શું છે ?"

- અનુસંધાન ૬ઠ્ઠા પાને

સૌથી આધુનિક શસ્ત્ર કયા છે ?

★ અમદાવાદથી ફકીરભાઈ, અનવરભાઈ અને મિત્રો પૂછે છે : સૌથી આધુનિક શસ્ત્ર કયા છે ?

ઉ. અત્યારના શસ્ત્રોમાં પરમાણુ ઊર્જા પર આધાર રાખતા પરમાણુ બોંબ આદ્રવાયુ બોંબ તથા ન્યુટ્રોન બોંબ અતિ વિનાશક છે. એકાદ આદ્રવાયુ બોંબ મોટા નગરનો ધ્વંસ કરવા પૂરતો છે. ન્યુટ્રોન બોંબ ઘરબાર સલામત રાખી કેવળ માનવીઓની હત્યા કરે છે. રાસાયણિક શસ્ત્રોમાં ઘાતક રસાયણ વપરાય છે. ચેતાવાયુ માણસના સ્નાયુઓનું હલનચલન થંભાવીને તેને મારી નાખે છે. લાસડા-૨૫ (એલએસડી-૨૫) ધરાવતા બોંબ શત્રુને ગાંડપણનો અનુભવ કરાવે છે. જીવાણુ શાસ્ત્રો (બાયોલોજીકલવેપન) પણ ભીષણ સંહારના સાધનો છે. પ્રક્ષપાત્રની સહાયથી આવા અસ્ત્રો શસ્ત્રોને પૃથ્વી પર ગમે તે સ્થળેથી બીજા ગમે તે સ્થળે ચોકસાઈપૂર્વક ફેંકી શકાય છે અને લઈ જઈ શકાય છે.

★ વડોદરાથી ઈકબાલ હુસેન, અહમદ હુસેન અને મિત્રો પૂછે છે : લોહી થીજી જવાનું કારણ શું ? રક્તવાહિનીઓમાં કેમ લોહી થીજી જતું નથી ?

ઉ. શરીર પર છેદ થાય ત્યારે ત્યાંથી લોહી બહાર વહેવા લાગે છે. આ દશા ચાલુ રહે તો આપણા શરીરનું ઘણું બધું લોહી વહી જાય અને આમ સતત થવાથી બધું જ લોહી શરીમાંનું વહી જતા અંતે માણસનું મરણ થાય. તેથી શરીરની પ્રાકૃતિક રક્ષાવ્યવસ્થામાં છેદ પૂરવાનું વિશેષતંત્ર કામે લાગે છે. છેદની પ્રતિક્રિયારૂપે ત્યાંની પેશીઓમાં થ્રોમ્બો પ્લાસ્ટિન નામનું પ્રકિણ્વ છોડે છે. તો પ્રોથોમ્બિન નામના દ્રવ્યનું ક્રિયાશીલ થ્રોબિન નામના દ્રવ્યમાં રૂપાંતર કરે છે. તેના પ્રભાવથી તંતુજન નામના દ્રવ્યમાંથી અદ્રાવ્ય તંતુઓ બની છેદ પૂરવાનું કાર્ય ચાલુ થઈ જાય છે. શરીરના અંદરના ભાગમાં વાહિનીઓમાં તંતુસર્જક દ્રાવ્યો ઉત્પન્ન થાય તેવા સંજોગો હોતા નથી. આમ છતાં, કોઈવાર લોહીનો ગઠ્ઠો બની હૃદયની પોતાને લોહી આપતી ધમનીમાં અટવાઈ જઈ અતિ ગંભીર પરિસ્થિતિ સર્જે છે. જેને કારણે અતિ ગંભીર પેરાલીસીસનો એટેક આવવાની સંભાવના રહે છે. આથી લોહી પાતળુ રહી ધમનીઓમાં વહ્યા કરે એ જ શ્રેષ્ઠ પરિસ્થિતિ છે.

★ ભાવનગરથી અબ્દુલ રહેમાન અને શેખ આસિફ પૂછે છે : દરેક વ્યક્તિની ચામડીનો રંગ જુદો જુદો હોય છે ? કેમ ?

પ્રશ્ન અને પ્રત્યુત્તર
-ઉલ્કા માર્કંડેય

ઉ. ચામડીનો રંગ તેના ઉપલા લગભગ પારદર્શક પડ તળે આવેલા રંગકણોના પ્રકાર તથા સંખ્યા ઉપર આધાર રાખે છે અને તેનો આધાર માબાપ તરફથી મળતો વારસો છે. મા-બાપમાં એક ગોરું અને એક કાળું હોય તો ૩ પ્રકારનો વારસો મળી શકે છે. એકમદ ગોરું, કાળું, મિશ્ર, ઘઉંવર્ણું ચામડીને રંગ આપનારા બીજા પરિબળો નિવાસનું સ્થળ, રહેણી-કરણી અને તંદુરસ્તી છે. ભારે તડકાના પ્રદેશમાં રહેતા લોકોને તડકા સામે રક્ષણ મળે તેથી કાળા રંગકણોની સંખ્યા વધીને ત્વચા શ્યામ પડે છે. કેરલા અને તામિલનાડુના લોકોની ચામડી આ રીતે શ્યામ થાય છે. પંજાબ અને કાશ્મીરમાં તડકો ઉગ્ર નહીં હોવાથી અથવા સૂર્યના કિરણો એકદમ સીધા નહીં પડતાં હોવાથી તેમની ત્વચા ગોરી હોય છે અથવા ઉજળી હોય છે. રહેણીકરણી એટલે કે ધૂપતાપ કે ધુમાડાથી રક્ષણ પૂરતા કપડાંથી શરીરનું રક્ષણ થાય તે છે. કોન્ટ્રાક્ટર ઉજળો હોય છે. પરંતુ કડિયા મજૂરો શ્યામ હોય છે. તંદુરસ્તી પણ શરીરના વાનમાં ઘણો મહત્ત્વનો ફાળો આપે છે. તંદુરસ્ત માણસના શરીરમાં લોહી ત્વચામાં બધે જ પોષણ, વિટામિન, ક્ષાર અને રોગ નિવારક કોષો અને પ્રાણવાયુ જોઈતા પ્રમાણમાં પહોંચાડે છે. જો આમ ના બને તો પણ ત્વચા પોષણના અભાવે શ્યામ પડે છે અને તેનો ચળકાટ જતો રહે છે. કરચલીઓ પડવા માડે છે. ત્વચા સૂકી થઈ ઉખડવા માંડે છે. ચામડીના રંગ પાછળ આમ વિવિધ કારણો રહેલા છે.

★ જૂનાગઢથી અકબર હુસેનભાઈ, અબ્દુલ રહેમાન અને મિત્રો પૂછે છે : વિશ્વનું સૌપ્રથમ માનચિત્ર કોણે દોર્યું ?

ઉ. વર્તમાન પૂર્વે ૧૫,૦૦૦ આસપાસના મળી આવેલા એક હાંડકાં ઉપર માનચિત્ર અથવા સ્થાનિક નકશાનું આલેખન છે. આ સ્થળ રશિયાનું છે અને હાલ ત્યાં મેઝિરિચ નામે ગામ આવેલું છે. વર્તમાન પૂર્વે ૧૦,૦૦૦ આસપાસ ભારતમાં નગરના માનચિત્ર દોરવાનો આરંભ થયો. તે વિના મોંએ જો ડેરો, હડપ્પા, લોથલ વગેરે નગરોની રચના સંભવિત થાત નહીં. વ.પૂ.૫૦૦૦માં મગધ વગર ઘણાં રાજ્યોમાં રાજ્યના ભૂમિકર નિર્ધારિણ સારૂં વિશાળ પ્રદેશોના માનચિત્ર બનાવવામાં આવતા. પશ્ચિમમાં સૌથી જૂનો નકશો વ.પૂ.૨૨૦૦નો મેસોપોટેમિયામાં લગશ નામના નગરનો મળ્યો છે. પશ્ચિમમાં વિશ્વનો પ્રથમ નકશો ગ્રીસના ટોલેમી નામના ભૂગોળશાસ્ત્રીએ બનાવ્યો. તેમાં ગ્રીસ, પશ્ચિમ એશિયા, ઈશાન, આફ્રિકાનો સાગરતટનો પ્રદેશ તથા ભારત દર્શાવ્યા. તેમાં દિશાઓ જળવાઈ હતી. પણ ઘાટ સાચા ન હતા. ૧૦૭૨માં ફ્રાંસમાં બીટસે વિશ્વનો નકસો બનાવ્યો. પણ તે ઢંગધડા વિનાનો હતો. દરમ્યાન ઘણા ભૂગોળશાસ્ત્રીઓએ પોતપોતાની રીતે માનચિત્ર તથા પૃથ્વીના ગોળા બનાવ્યા. ૧૩૯૭માં ઈટાલીના ફલોરેન્સના તોસ્કાનેલીએ તેના માનચિત્રમાં એશિયાનું અંતર ૪૮૩૦ કિ.મી. દર્શાવ્યું. તેના આધારે નીકળેલો કોલંબસ મહિનાઓની યાત્રાઓ પછી પણ કદી એશિયા પહોંચી શકયો નહીં. અંતે ૧૫૬૮માં ફેલેમિશ ભૂગોળશાસ્ત્રી જિરાર્ડ મર્કેટરે માનચિત્રમાં દિશા તથા અંતરો દર્શાવવાની પક્ષેપ પદ્ધતિની શોધ કરી. આ પછી યર્થાથ માનચિત્ર બનવા માંડ્યા.

★ સુરતથી ઈમરાનખાન, રફીકભાઈ અને મિત્રો પૂછે છે : સૂર્ય પ્રકાશની ઝડપ કેટલી ?

ઉ. પ્રકાશની ઝડપ એક સેંકડમાં ૩ લાખ કિલોમીટરની સર્વત્ર એક સરખી છે. દરેક પ્રકારના પ્રકાશની ઝડપ સરખી છે. સૂર્યનો, ચંદ્રનો, તારાનો કે દીવાબત્તીનો. સૂર્યનો પ્રકાશ અહીં ધરતી સુધી પહોંચતા ૮ મિનિટ લાગે છે.

હાસ્ય

હસવું સ્વાસ્થ્ય માટે ઉત્તમ ટોનિક છે

હસવું સ્વાસ્થ્ય માટે ઉત્તમ દવા છે. પરંતુ કોઈને હસાવવું સહેલું નથી. જો કે મેડિકલીમાં આ વાતની પુષ્ટિ થઈ ગઈ છે. કે હસવાથી આપણું સ્વાસ્થ્ય ઉત્તમ રહે છે. ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલના વરિષ્ઠ સલાહકાર કાર્ડિયાલોજી ડો.એસ.કે.ગુપ્તાના જણાવ્યા પ્રમાણે "હસવું એ આપણા ફેંફસા અને હૃદય માટે લાભદાયક છે. જોર-જોરથી હસવાથી હૃદયના ધબકારા વધે છે. અને મગજને આરામની અનુભૂતિ થાય છે. આનાથી અચાનક ધમનીઓમાં થનારૂ સંકોચન ઓછી થઈ જાય છે. પરિણામે ધમનીયોમાં બ્લોકેજનું રિસ્ક ઓછું થઈ જાય છે. હસવું આપણા હૃદય અને કોર્ડિયોવેસ્કૂલર સિસ્ટમ માટે લાભકારી છે. આનાથી રક્તચાપ લોહીનું ભ્રમણ પણ સંતુલિત રહે છે.

હવે યોગ દ્વારા પણ ૧૦-૧૫ મિનિટ સતત હસી શકાય છે. એવું કહી શકાય છે કે લોકો હવે યોગાનો સહારો લે છે કારણ કે તેઓ હસવાને પોતાના જીવનમાંથી દૂર ન થઈ જાય. મુંબઈના ફિજિશિયન ડો.મદન કટારિયાના અનુસાર દરેક વ્યક્તિએ ૧૦-૧૫ મિનિટ હસવું જોઈએ. પ્રાકૃતિક રૂપમાં વ્યક્તિ જ્યારે હસે છે. તે થોડા સેકન્ડ માટે હોય છે. આપણા સ્વાસ્થ્યને સારૂ બનાવવા માટે આ પર્યાપ્ત નથી. ૧૦ થી ૧૫ સેકેન્ડ સુધી હસવાથી આપણા શારીરિક કેમિકલમાં ચેન્જ આવી શકતો નથી. પરંતુ : કલબમાં લાફટર યોગા, આપણે હસીએ છીએ. પણ, એક્સસાઈઝની જેમ આ આપણા સ્વાસ્થ્ય માટે લાભકારી હોય છે." આજે દુનિયાભરમાં લાફટર કલબ ચાલુ થયા છે. લગભગ ૬,૦૦૦ લાફટર કલબ માત્ર ૬૦ દેશોમાં ઉપલબ્ધ છે.

શું અમારે વધારે હસવાની જરૂર છે ? ડો.કટારિયા કહે છે "ઝડપથી ચાલી રહેલી જિંદગીમાં આપણે વધારે તનાવ ગ્રસ્ત રહીએ છીએ. આપણી જિંદગી સ્ટ્રેસફુલ થઈ ગઈ છે. પરિણામે આપણે વધુમાં વધુ બિમારીઓના ઝપટમાં આવીએ છીએ. ૭૦ ટકાથી વધારે બિમારીઓ સ્ટ્રેસના લીધે થાય છે.

ઉચ્ચ રક્તચાપ, હૃદય, સંબંધી બીમારીઓ, ડિપ્રેશન, નર્વસ બ્રેકડાઉન, અલ્સર, ઈનસોમેનિયા, એલર્જી, અને માઈગ્રેન આ બધું સ્ટ્રેસથી સંબંધિત છે.

સ્ટ્રેસથી છુટકારો મેળવવા લોકો મદીરા, ધ્રુમપાન અને ડ્રગ્સનો સહારો લે છે. આ બધી વસ્તુઓ થોડા સમય માટે રાહત આપે છે. પરંતુ : આ ઘોર અંધારામાં ધકેલી મૂકે છે. આવામાં હસવું એ એકમાત્ર સારો વિકલ્પ છે.

ગત દિવસોમાં એક શોધના આધારે પ્રકાશિત થયું છે કે જોર-જોરથી હસવું તે સ્વાસ્થ્ય માટે વધારે લાભકારી છે. હસવું ત્યારે જ ફાયદારૂપ છે જ્યારે તેજ આવાજમાં હસવામાં આવે. મંદ-મંદ હસવાથી કે ધીમા સ્વરે હસવાથી કોઈ વિશેષ પ્રભાવ પડતો નથી. અભ્યાસના આધારે આપણને નાનપણમાં જ શીખવાડવામાં આવે છે કે કેવી રીતે લોકો સાથે વર્તવું જોઈએ, કેવી રીતે બીજા સામે આવવું જોઈએ ? આપણે કેવી રીતે બીજાના સામે હસવું જોઈએ ? જીવનની સફળતાઓ પર ખુશ થવું જોઈએ નિષ્ફળતાઓ પર દુ:ખી થવું જોઈએ. પરંતુ : આ ભાગદોડમાં આપણે બાળકોને હસવાનું શીખવાડવાનું ભૂલી જઈએ છીએ. આપણે ખુશી પર આપણી ખુશી વ્યક્ત કરી શકતા નથી કરીએ છીએ, તો સેલિબ્રેટ કરીએ છીએ, પાર્ટી આપીએ છીએ, ગળે મળીએ છીએ, પણ હસતા નથી. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જોરથી હસવું કોઈ ચેપી રોગીની જેમ છે. એક વ્યક્તિ જો જોરથી હસે તો બીજો પણ દેખા-દેખી જોરથી હસવાની હિંમત કરી શકે છે.

હસવું અને હસાવવું કેટલું મુશ્કેલ છે. તેનો અંદાઝ આપણે ટી.વી. ચેનલો પર ચાલી રહેલ ધારાવાહિકોથી પણ લગાવી શકીએ છીએ. દરેક લોકપ્રિય ચેનલમાં લોકપ્રિય ધારાવાહિકો પર નજર દોડાવીએ તો બહુ મુશ્કિલ એક

- અનુસંધાન ૬ઠ્ઠા પાને

પડઘા ડૂબી ગયા
- રેણુ વિષ્ણુકુમાર બારોટ

તમે કોના માટે છો ?

"ઓળખું છું ચહેરાની નદી, ભૂલતાં લાગશે સદી"

ડોક્ટરે દવાઓનું લાંબુ લિસ્ટ લખીને આપ્યું મેં એ લિસ્ટ હાથમાં લીધું. સામે જોયું. નહીં નહીં તોય દસથી પંદર જેટલી દવાઓ હતી.

"જલદીથી લાવજો" ડોક્ટરે કહ્યું. મેં ડોક્ટર સામે જોયું. ડોક્ટરને તો ઘણીય ઉતાવળ હતી જ. જ્યારે મારે.. મારે.. તો ઘણોય વિચાર કરવાનો હતો. કારણ કે મામૂલી પગારની એમની નોકરી અને કાયમનો દુષ્કાળ.. મેં મારા હોઠ પર મારો હાથ મૂક્યો. ક્ષણવાર પછી હું બારી પાસે જઈને ઊભી. બારી બહાર જોયું. બહારની દુનિયા તો દંભી માનવતાનો આંચળો ઓઢીને એકબીજાનું પડાવી લેતી હતી. કેટલીય ટેક્ષીઓ પાણીના રેલા આગળ દોડતી હતી. સ્કૂટરો પણ એટલાં જ હતાં. બધાંયને એક પ્રકારની દોડ હતી. પૈસા પાછળની દોડ...

પણ હું તો.. એક ઊંડો નિસાસો નાંખ્યો. વધુ એકવાર ડોક્ટરે લખેલી ચિઠ્ઠી સામે જોયું. આટલી બધી દવાઓ લાવવા માટે પૈસા ક્યાં હતા ? પૈસાના ક્ષેત્રે તો ક્યારનીય નીચોવાઈ ગઈ હતી.

- હવે કોની પાસે જવું ?

- કોની પાસે માંગવા ?

- મારા મનમાં પ્રશ્ન ધુમરાઈ વળ્યો. મેં બારી પાસે ઊભા ઊભા એમની પથારી સામે જોયું. એટલે મારા પતિ... એકલા અટૂલા... એમની પાસેના ટેબલ પર મારો નાનો આઠ વર્ષનો પુત્ર બેઠો હતો.

મેં જોયું.

સચ્ચાઈ અને સમાજ સામેની નાનીમોટી લડાઈમાં એ સંપૂર્ણ રીતે વધેરાઈ ગયા હતા. રહેંસાઈ ગયા હતા. સારા ખોટા પ્રસંગે ખડે પગે હાજરી આપી હતી જ્યારે એમના ખરા વખતે કોઈ સામે તાકવાય આવ્યું નહોતું.

મારો પુત્ર ટેબલ પરથી ઊઠ્યો. મારી પાસે આવ્યો. મારી સાડીનો છેડો પકડીને ઊભો. મેં એના માથે હાથ મૂક્યો એણે મારી સામે જોયું. વયમાં તો મારો પુત્ર સાવ નાનો હતો. પણ બુદ્ધિમાં જાણેઅજાણે પૂર્વ યાકટ હોય એવી રીતે બોલી ઊઠ્યો.

"મમ્મી... મોટા બાપુ પાસે જાને"... એણે કહ્યું. મેં એની નાનીનાની અને ભોળી આંખો સામે જોયું એની આંખોમાં ગરીબાઈનો ઊંડો સાગર સળવળી ઊઠ્યો હતો.

"પપ્પા માટે કાંઈક આપશે."

મેં મારા પુત્રનો હાથ પકડી લીધો. હું કહેવા જતી હતી કે... પણ કહી શકી નહીં. મને કમને મારા જેઠ પાસે જવા તૈયાર થઈ. મારા જેઠને મોટો ધંધો હતો. પૈસાની બિનજરૂરી રેલમ છેલ હતી. પરંતુ મારી જેઠાણી... હું વિચારી ન શકી.

બપોરે હું મારા પુત્રને લઈને ત્યાં પહોંચી ધીમેથી બારણાને ધક્કો મારીને મારા જેઠની સામે જઈને ઊભી. મને જોતાં જ જાણે અજાણે એમના મોંના ભાવ અભાવમાં પલટાઈ ગયા. હું કાંઈ આગળ કહું તે પૂર્વે જ એમણે ઘંટી વગાડીને પટાવાળાને બોલાવ્યો. પટાવાળાને ખખડાવી નાંખતા કહ્યું.

"શું ધ્યાન રાખો છો ? ગમે તેવા લોકો અંદર ઘૂસી આવે છે.. તમે બધા કરો છો શું ?"

મેં મારા જેઠનો ઠાઠ જોયો. બિનજરૂરી ગુસ્સો જોયો. સઘળામાં મને એક શબ્દ તો ચોટ મારી ગયો... ગમે તેવા લોકો...

અમે તમારા માટે ગમે તેવા લોકો છીએ ? હું પૂછવા જતી હતી. પણ... ગમ ખાઈ ગઈ. ચૂપચાપ ઊભી રહી.

કેટલીક ક્ષણો સુધી મૌન પથરાઈ ગયું. આ દરમિયાન મેં ઓફિસમાં એક નજર કરી નાંખી. મોંઘા ભાવનું રાચરચિલું હતું. મારા જેઠના કપડાં પણ એવાં જ મોંઘા હતા. દિવાલ પરની ઘડિયાળ પણ મોંઘી જ હતી. ભોંયતળિયા પર બિછાવેલું બિઝાનું પણ ભારે મોંઘુ હતું.

ઘણા સમય સુધી મારા જેઠે કાંઈ પૂછ્યું નહી એકએક ક્ષણે જાણે હું તો મૃત્યુ ભણી ખેંચાઈ જતી હોંઉ એમ જ લાગ્યું. મારાથી ન રહેવાયું એટલે કહેવા માંડ્યું.

"મારે મદદની જરૂર છે."

"શાની મદદ ? કેવી મદદ?" મારા જેઠે હૈયું દઝાડી નાંખતા બે સવાલ પૂછ્યા.

"એમની તબિયત સારી નથી. અને આટલી બધી દવાઓ"... હું ન કહી શકી.

"વળી પાછું નાટક..."

"મોટાભાઈ આ નાટક નથી પણ નગ્ન સત્ય છે." હું મારા જેઠને મોટાભાઈ શબ્દથી નવાજતી.

"મને મોટાભાઈ ન કહો."

એમણે કહ્યું.

વળી પાછી ક્ષણ બે ક્ષણ માટે ખામોશી પથરાઈ ગઈ. દુનિયાનો દંભ અને સગાઈની પોકળતા મારી આંખો સામે આળસ મરડીને બેઠી થઈ ગઈ.

હું ઊભી રહી.

એમણે મોંઘા ભાવના ચશ્માની આરપાર મારી સામે જોયું. એમની આંખોનો એ ભાવ અને મારામાં આળોટી પડેલી લાચારી...

"હમણાં તો કોઈ વ્યવસ્થા થાય એમ નથી, હા, બે દિવસ પછી શક્ય હશે તો..." એમણે અટકી જઈને કહ્યું.

"પણ બે દિવસોમાં તો જાણે અજાણે આખી ઘટનાનો રંગ બદલાઈ જશે. મેં કહ્યું"

"તો હું શું કરી શકું?"

એમણે ન પૂછવા જેવો નફટાઈ ભર્યો સવાલ મને પૂછ્યો. હું ચૂપ થઈ ગઈ. મેં મારી સાથે આવેલા પુત્રના માથે હાથ મૂક્યો. બહાર નીકળી. ઓફિસમાં નીચું જોતી જોતી છેક બહાર આવી. મારા માટે હવે

- અનુસંધાન ૬ઠ્ઠા પાને